દિવ્ય ભાસ્કર ભુજ 08-02-2026

# જીયાપર ખાતે કારીગર કાર્ડ વિતરણ અને બાયર-સેલર મીટમાં કારીગર બહેનો જોડાઈ

## સેવા ઈન્ટરનેશનલ ભારત દ્વારા ઓરકલના સહયોગથી આયોજન : વિવિધ માહિતી અપાઈ



ભાસ્કર ન્યૂઝ | ભુજ

સેવા ઈન્ટરનેશનલ ભારત દ્વારા ઓરકલના સહયોગથી સેવા ઈન્ટરનેશનલ ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર, જીયાપર ખાતે કારીગર કાર્ડ વિતરણ અને બાયર-સેલર મીટનું આયોજન કરાયું હતું. જેમાં સેવા ઈન્ટરનેશનલ સંલગ્ન 120થી વધુ કારીગર બહેનો જોડાઈ હતી.

હસ્તશિલ્પ સેવા કેન્દ્રના દિલીપ યાદવે ભારત સરકાર દ્વારા માન્ય 69 કારીગર કાર્ડનું વિતરણ કર્યું હતું. જેના આધારે કારીગર બહેનોને એક્ઝિબિશન, ટૂલ કીટ, એવોર્ડ તથા વિવિધ સરકારી સહાય યોજનાનો લાભ પ્રાપ્ત થશે. નેશનલ રૂરલ લિવલીહુડ મિશનના સચીન પંડ્યાએ સખી મંડળ અને બચત વિષયક, સેન્ટ્રલ બેંકના મેનેજર પ્રવીણ કુમારે વિવિધ લોન અને ધિરાણ યોજના અંગે, નેહાબેન પાટીદારે નવી બ્રાન્ડિંગ અને વેચાણ તકો અંગે તેમજ નિતીન ગરવાએ બજાર વ્યવસ્થા તથા માર્કેટ લિન્કેજ અંગે માહિતી આપી હતી. કમળાબેન પોકાર અને વસંત ચોપડાએ બહેનોની કામગીરીને બિરદાવી હતી. દુજાપરની બહેનોએ તાલીમ બાદ ગામમાં સામૂહિક સીવણ કેન્દ્રની સ્થાપના અંગે અનુભવો રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં બન્ની વિસ્તારની કારીગર બહેનો અને વેપારીઓ વચ્ચે સંવાદ યોજાયો હતો. જેમાં બન્ની પચ્છમ જેવા અંતરિયાળ વિસ્તારોમાં આવનારા સમયમાં આવા સેન્ટરો સ્થાપિત કરવા અંગે ચર્ચા કરાઈ હતી.

સંચાલન સેવા ઈન્ટરનેશનલ ભારતના ગુજરાત સ્ટેટ મેનેજર મહેન્દ્ર ભાનાણીએ કર્યું હતું. તેમણે પછાત વાઢા સમુદાય માટે સ્વસહાય જૂથોની રચના અને કારીગર કાર્ડ બનાવવાની પ્રક્રિયા અંગે માહિતી આપી હતી. વ્યવસ્થાપન સેવા ઈન્ટરનેશનલ ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરની કારીગર બહેનોએ કર્યું હતું. બાંધણી ક્રિએશનના પ્રતિનિધિઓ, જીયાપર સરપંચ અલ્પાબેન પટેલ, દુજાપરના સરપંચ જીજ્ઞાબેન મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.